# <u>પ્રેસનોટ</u>

## <u>હજ ૨૦૨૭</u>

## હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ ૨૦૨૭ (૧૪૪૮ હિજરી) માટે ઓનલાઈન હજ ફોર્મ અંગેની જાહેરાત તથા માર્ગદર્શિકા

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવશ્રી આઈ.એમ.ઘાંચી એક અખબારી યાદીમાં જણાવે છે કે હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૭ (૧૪૪૮ હિજરી) માટે તા. ૨૨-૦૬-૨૦૨૬થી ઓનલાઈન હજ એપ્લીકેશન ફોર્મની શરુઆત કરવામાં આવેલ છે.

હજ ૨૦૨૭ માટે ફોર્મ ભરતા પહેલા દરેક ઉમેદવારે હજ ગાઈડલાઈન ૨૦૨૭ જે હજ કમીટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ https://hajcommittee.gov.in પર રજુ કરેલ છે. જે વાંચી સમજીને ફોર્મ ભરવાના રહેશે. ઉપરાંત ગાઈડલાઈન્સમાં જણાવ્યા પ્રમાણે કિંગડમ ઓફ સાઉદી અરેબિયા તરફથી જે કોઈ સુચનાઓ આવશે તે મુજબ ફેરફાર થવાની શક્યતા રહેશે.

- **ઓનલાઈન અરજી કરવાની મુદત: ૨૨-૦૬-૨૦૨૬ થી ૨૦-૦૭-૨૦૨૬** (રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી).
- **અરજી માટેનું પોર્ટલ:** www.hajcommittee.gov.in અથવા 'HAJ SUVIDHA' મોબાઈલ એપ
- **ડિજિટલ ડ્રો (કુર્રાહ):** હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા અંદાજિત જુલાઈના અંતિમ અઠવાડિયામાં કમ્પ્યુટરાઈઝડ ડ્રો (Qurrah) પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- **જમા કરવાની રકમ:** ડ્રોમાં પસંદ થયેલા પ્રત્યેક યાત્રાળુએ રૂ. ૧,૫૨,300/- તા. ૧૦-૦૮-૨૦૨૬ સુધીમાં અથવા તે પહેલાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ કે મુદત વધારો આપવામાં આવશે નહીં.

### <u>ઓનલાઈન ફોર્મ ભરતી વખતે અપલોડ કરવા માટેનાં જરૂરી દસ્તાવેજો</u>

1. **પાસપોર્ટ:** મશીન-રીડેબલ ભારતીય આંતરરાષ્ટ્રીય પાસપોર્ટ (ઓનલાઈન હજ ફોર્મની અંતિમ તારીખ કે તે પહેલાં ઈસ્યુ થયેલ હોવો જોઈએ અને તેની વૈધતા ઓછામાં ઓછી ૩૧-૧૨-૨૦૨૭ સુધી હોવી અનિવાર્ય છે). પાસપોર્ટનાં પ્રથમ પેજ અને છેલ્લા પેજની સ્કેન કોપી. (સ્કેન કોપી જ અપલોડ કરવાની રહેશે, ફોટોગ્રાફ

કોપી અપલોડ કરવી નહીં), (1200 X 800 પિક્સેલ, JPG/JPEG, સાઈઝ 100-500KB).

2. **અરજદારનો ફોટોગ્રાફ:** સફેદ બેકગ્રાઉન્ડ વાળો લેટેસ્ટ પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ(480 X 640 પિક્સેલ, JPG/JPEG, સાઈઝ 5-20KB).
3. **બેંક વિગતો:** કેન્સલ કરેલો ચેક અથવા બેંક પાસબુક. (590 X 750 પિક્સેલ, JPG/JPEG, સાઈઝ 80-250KB).
4. **સરનામાનો પુરાવો:** જો પાસપોર્ટમાં સરનામું અલગ હોય તો આધાર કાર્ડ, વીજળી બિલ, ટેલિફોન બિલ વગેરે જેવા માન્ય પુરાવા (590 X 750 પિક્સેલ, JPG/JPEG, સાઈઝ 80-250KB).

❖ <u>અરજદારે ફોર્મ ભરવામાં નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે</u>.

૧. **<u>હજ કમીટી દ્વારા ફક્ત એક વાર હજ યાત્રા</u>** હજ કમીટી ઑફ ઈન્ડિયા (HCoI)ની પોલીસી અનુસાર, કોઈપણ વ્યક્તિને હજ કમીટી દ્વારા જીવનમાં માત્ર "એક જ વાર" હજ કરી શકે છે. જેમણે અગાઉ HCoI દ્વારા હજ કરેલ છે, તેઓ હજ ૨૦૨૭ માટે અરજી કરવા માટે પાત્ર રહેશે નહીં. પરંતુ ફક્ત એવા કિસ્સામાં (1) જે સ્ત્રી હજ યાત્રિકોએ હજ નથી કરી તેઓનાં "મહેરમ" તરીકે પુરુષ હજ અરજદાર ફરીથી અરજી કરી શકશે અને 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના યાત્રિકો કે જેઓએ જીવનમાં ક્યારેય હજ નથી કરી તેઓનાં સાથીદાર(કમ્પેનીયન) તરીકે ફક્ત ૬૫+ કેટેગરીમાં એવા Repeater યાત્રિકો તરીકે અરજી કરી શકશે.

3. **હજ ૨૦૨૬ વેઈટીંગ લીસ્ટ બાબત:** હજ ૨૦૨૬માં વેઈટીંગ લીસ્ટમાં રહેલા અરજદારોને હજ ૨૦૨૭ માટે રીઝર્વ ક્વોટા(હજ ગાઈડ લાઈન્સ ૨૦૨૬નાં પારા ૧૭ પ્રમાણે) બાદ કરી પ્રથમ ૨૦%માં રહેલા અરજદારોને ક્વોટા પ્રમાણે પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવશે. (હજ ૨૦૨૬નાં **<u>વેઈટીંગ નંબર ૩૯૯૨ થી ૮૪૦૮</u>** સુધીના અરજદારો) હજ ૨૦૨૭ માટે બેકલોગ કેટેગરીમાં અરજી કરી શકશે.

૪. **કેન્સલેશન ચાર્જ:** કેન્સલેશન ચાર્જ હજ ગાઈડલાઈન્સ ૨૦૨૭નાં પારા ૩૯ પ્રમાણે રહેશે, જેથી હજ યાત્રિકોએ ફોર્મ ભરતા પહેલા એ ચાર્જ વાંચી અને સમજી હજનું ફોર્મ ભરવુ.

૫. **મકકા મુકર્રમા તથા મદિના મુનવ્વરા ખાતે આવાસ** - મકકા મુકર્રમા હાજી દીઠ ૪ સ્કવેર મીટર જગ્યા મળશે. તથા મદિના મુનવ્વરા ખાતે સાઉદી ઓથોરીટી તરફથી મળેલ લાયસન્સ (તસ્નીફ/તસરીહ) આધારે યુનીટ કેપેસીટી પ્રમાણે જેમાં એક રૂમ 10 બેડ સુધીનો મળી શકે છે. જેમા વિગતવાર માહીતી હજ ગાઈડલાઈન્સ ૨૦૨૭નાં પારા ૨૨માં આપેલ છે.

૬. **શોર્ટ હજ પેકેજ :** જેમાં અંદાજિત ૨૦ દિવસનો કુલ સમયગાળામાં સાઉદી અરેબિયા (KSA) માં રોકાણ દરમિયાન મદીનામાં ૨-૩ દિવસનો ટૂંકા રોકાણનો સમાવેશ થાય છે. એકવાર હજ અરજી ફોર્મ (HAF) સબમિટ કર્યા પછી પેકેજ બદલી શકાશે નહીં. એકવાર 'શોર્ટ હજ' માટે પસંદ થયા પછી, અરજદારને 'નોર્મલ હજ' માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. બાકી બીજી બધી શરતો, સેવાઓ નોર્મલ હજ પેકેજ પ્રમાણે રહેશે.

**હજ-૨૦૨૭ માટેની તમામ સુચનાઓ/ફેરફારો માટે નીચેની વેબસાઈટ ચેક કરતા રહેવા જણાવવામાં આવે છે.**

https://www.hajcommittee.gov.in | https://haj.gujarat.gov.in |
https://www.gujarathajhouse.in

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૭-૨૪૦૬-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
૨૪-૦૬-૨૦૨૬

(ઈમ્તિયાઝ એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના -

- ગુજરાત રાજ્ય હજ કમીટીની વેબસાઈટ દ્વારા.
- તમામ ઈલેક્ટ્રોનીક મીડીયા, સોશ્યલ મીડીયા .
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ.